-: જાહેરાત ક્રમાંક :-

નેશનલ ઓરલ હેલ્થ પ્રોગ્રામ (NOHP) અંતર્ગત જીએમઇઆરએસ જનરલ હોસ્પિટલ, રાજપીપલા, જિ. નર્મદાના ડેન્ટલ વિભાગ ખાતે નીચે મુજબની મંજુર થયેલ જગ્યા ઉપર ૧૨ માસના કરારના ધોરણે આઉટસોર્સથી ભરતી કરવાની હોઇ અને પ્રતિક્ષાયાદી બનાવવા સદર હું જાહેરાત આપવામાં આવેલ છે. જે માટે નીચે મુજબ લાયકાત ધરાવતા ઉમેદવારો પાસે ઓનલાઇન અરજીઓ https://arogyasathi.gujarat.gov.in આપેલ લીંકમાં તા.૦૩/૦૨/૨૦૨૪ થી તા.૧૫/૦૨/૨૦૨૪ દરમ્યાન કરવાની રહેશે. સદર ભરતી કરાર આધારિત આઉટસોર્સ હોવાથી અન્ય કોઈ હક્ક-હિત મળવાપાત્ર થશે નહિ તથા મુદત પૂર્ણ થયેથી નિમણુકની મુદત સમાપ્ત થશે. અન્ય શરતો સરકારશ્રી દ્વારા જે નિયત થયેલ છે તે ઉમેદવારને લાગુ પડશે.

| ક્રમ | જગ્યાનુ નામ | જગ્યા | વેતન | ખાલી જગ્યાનુ સ્થળ. | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|---|---|
| ૧ | ડેન્ટલ આસિસ્ટન્ટ (વર્ગ-૪ ની સમકક્ષ) | ૧ | ૧૧,૦૦૦/- | ડેન્ટલ વિભાગ જનરલ હોસ્પિટલ રાજપીપલા. | SSC ધોરણ-૧૦ પાસ,<br>ડેન્ટલ કોલેજ/ક્લિનિકમાં ૨ (બે) વર્ષનો અનુભવ.<br>કોમ્પ્યુટરના જાણકારને પ્રાધાન્ય આપવામાં આવશે.<br>વય મર્યાદા : ૪૦ વર્ષ સુધી |

**ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની જરૂરી સૂચનાઓ :**

૧. ઉમેદવારની ફક્ત ઓનલાઇન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી, સ્પીડ પોસ્ટ, કુરિયર કે સાદી ટપાલ દ્વારા મળેલ અરજીઓ માન્ય રહેશે નહિ.

૨. સુવાચ્ય ઓરીજીનલ ડોક્યુમેન્ટની ફોટોકોપી સોફ્ટવરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે અને દરેક ઉમેદવારે ઇ-મેઇલ આઇ.ડી અને મોબાઇલ નંબર ફરજીયાત આપવાનુ રહેશે.

૩. અધુરી વિગતોવાળી અરજી અમાન્ય રહેશે.

૪. ઉમેદવાર ૧ કરતાં વધુ અરજી કરી શકશે નહિ .

૫. વય મર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની તારીખના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે એટલે તમામ ઉમેદવારના કિસ્સામાં વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તા.૩૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિને ધ્યાને લેવામાં આવશે.

૬. નિમણુંકને લાગત આખરી નિર્ણય તબીબી અધિક્ષક, જીએમઇઆરએસ જનરલ હોસ્પિટલ, રાજપીપલાના રહેશે.

તબીબી અધિક્ષક,
જીએમઇઆરએસ જનરલ હોસ્પિટલ,
રાજપીપલા. જિ. નર્મદા.